

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચૂંટાયા પછી નેતાનો, સત્તા-પતંગ ચગે છે*
*સમાજ સેવા નહીં કાપાકાપી એની રગે છે*
*દેતા નથી ચગવા એ કોઈને, નાખે છે લંગર*
*હોય એક જ ધાબે છતાં પેચ લેવાના જંગે છે*

### હાઈકુ

*ચગ્યા પછી ય,*
*હવા જોઈ દે દગો -*
*મારે ગૂંલાટ !*

*આપે છે ઢીલ,*
*ખાયકી - કૌભાંડમાં -*
*છૂટા દોરથી...*

### ચિંતન

**યત્ર બ્રહ્મ ચ ક્ષત્રં ચ સમ્યંચ ચરતઃ સહ ।**
**તં લોકં પુણ્યં પ્રજ્ઞેષં યત્ર દેવાઃ સહાગ્નિ ના ॥**

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

જે દેશ અને સમાજમાં જ્ઞાન અને શૌર્ય એક સાથે મળીને કાર્યાન્વિત થાય છે દેશ અને સમાજ પવિત્ર રહે છે.

બ્રહ્મ એટલે જ્ઞાન અને ક્ષત્રં એટલે શૌર્ય. શૌર્ય વિહોણું નર્યું જ્ઞાન કે જ્ઞાનવિહોણું નર્યું શૌર્ય હોવા ન હોવા બરાબર જ છે. જ્ઞાન એટલે વિદ્યા અને મા સરસ્વતીની ઉપાસના. સરસ્વતીની ઉપાસનાને અંતે જ્ઞાન પ્રાપ્ત થાય પણ જો આ જ્ઞાનનો વિનિયોગ વહેવારીક જીવનમાં અંતે જ્ઞાન પ્રાપ્ત પ્રાપ્તિએ પોથી પંડિત થવા બરાબર જ છે. જો આ જ્ઞાન દેશના સીમાડાનું રક્ષણ કરી શકે નહીં તો એ જ્ઞાન વ્યર્થ જ છે. એ જ રીતે નકરા બાવડાં બળથી સમાજ કે દેશ તેજસ્વી અને પ્રતિભાશાળી થઈ શકે નહીં.

જીવનમાં ઘણીવાર એવું બને છે કે ઈચ્છા ન હોય તો પણ યુદ્ધમાં ઉતરવું પડે. આ યુદ્ધ એટલે શસ્ત્રો સાથે રણમેદાનમાં નહીં પણ અપરંપાર સામાજિક ઘર્ષણો તથા અસંતુલિત જીવનને વ્યવહાર પણ હોય છે. આ બધામાં શારીરિક ઉપરાંત માનસિક સંકલ્પ બળ અનિવાર્ય હોય છે. આ વિનિયોગ વિના સમાજ સુદૃઢ હરી શકે નહિ.

સમાજ અને સંસ્કૃતિએ પોતાના સામાર્થ્યને સુદૃઢ કરવા આ વાત સ્મરણમાં રાખવા જેવી છે.

### સુવિચાર

- હોને દો તમાશા મેરી ભી જિંદગી કા, મૈંને ભી... મેલે મેં બહુત તાલિયાં બજાઈ હૈ - **ગુલનાઝ**
- જરા વિચારજો, રાવણનું દહન કરતાં પહેલાં આપણે જ એને બનાવીને, ઊભો કરીને છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- વરસાદના છાંટા શીખવે છે કે જિંદગીની સૌથી અદ્ભૂત ક્ષણો પકડી શકાતી નથી ફક્ત માણી શકાય છે - **નવનીત**
- કોઈની ક્રિયા - પ્રતિક્રિયા આપણા આનંદને પ્રભાવિત ન કરવી જોઈએ - **બી.કે. શિવાની**
- કથા એ નવા દિવસનું ઉપચાર સત્ર છે અને જીવનની શુદ્ધિનો યજ્ઞ છે - **રમેશભાઈ ઓઝા**
- મર્યાદા જાતે નક્કી કરવામાં આવે તો જ એ મર્યાદા કહેવાય, બીજા નક્કી કરે તો પછી શરમ કહેવાય - **હરીશ દ્વિવેદી**
- આજનું ઔષધ - સ્તનપાન કરાવતી માતાઓ અને શતાવરી ચૂર્ણ, જીવંતી ચૂર્ણ અને સાકર નાખીને ગાયનું દૂધ નિયમિત લેવું **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક વાર પરણેલા યુવાને કબીરને પૂછ્યું, 'હું એક નવો પરણેલો યુવાન છું. ઘરના તમામ લોકો સાથે મારે નાની નાની બાબતે ઝઘડા થતા રહે છે. મારે આમાંથી છૂટકારો મેળવવો છે. કંઈક ઉપાય બતાવો. કબીરે થોડીવાર આંખો મીંચી દીધી અને આંખો ખોલી એમના પત્નીને બોલાવીને કહ્યું, 'જરા દીવો સળગાવી લાવજો.' તેના પત્ની ભરબપોરે દીવો પેટાવી કબીરને આપ્યો. પેલા યુવાનને આશ્ચર્ય થયું. ભરબપોરે દીવાનું શું કામ છે ? થોડી મીનીટો પછી. કબીરે પાછું પત્નીને કહ્યું, 'કંઈક મીઠાઈ હોય તો લાવજો.' આ વખતે યુવાનને થયું ધોળે દિવસ દીવો માંગ્યો તથા મીઠાઈ માંગી તો નમકીન આપ્યા. યુવાને અકળાઈને ચાલવા લાગ્યો. કબીરે તેને પૂછ્યું, 'અરે ભાઈ, તમારા પ્રશ્નનું સમાધાન થયું કે નહીં.' પેલાએ કહ્યું, 'મને આમાં કંઈ સમજાયું નથી.' કબીરે હસીને કહ્યું, 'જો ભાઈ, મેં મારી પત્નીને આટલા પ્રકાશનમાં દીવો સળગાવવાનું કહ્યું, ત્યારે તે કહી શકત કે તમે પાગલ થઈ ગયા છો. ખરા બપોર વળી દીવાની શી જરૂર ? પરંતુ તેણે તેમ ન કર્યું, કારણ કે તેને વિશ્વાસ હતો કે જરૂર કંઈક કામ હશે, ત્યારે જ એમણે દીવો મંગાવ્યો હશે. એ જ રીતે મેં જયારે મીઠાઈ મંગાવી તો તેમને નમકીન આપ્યું, ત્યારે હું સમજી ગયો કે ઘરમાં મીઠાઈ નથી માટે તે નમકીન લાવ્યા છે. આ જ તારા સવાલનો જવાબ છે ભાઈ.' પરિજનો વચ્ચે વિશ્વાસ હોય તો વિષયમાં વિષય પરિસ્થિતિ પણ આપમેળે દૂર થઈ જાય છે. માટે ગૃહકલેશના રોંદણા રોવાથી કંઈ જ વળવાનું નથી. પરિવારમાં એકમેક ઉપર વિશ્વાસ રાખવાથી જ મનમેળ સધાય છે. એકની ભૂલ બીજો સંભળાવી લે અને બીજાની ત્રુટી પહેલા એ નજરઅંદાજ એ જ સ્વસ્થ ગૃહસ્થીનાં મૂળમંત્ર છે.

# સૂર્યપર્વની ગરિમા કરુણામય હોવી ઘટે

**તંત્રીસ્થાનેથી...**

મકર સંક્રાંતિ દર વર્ષે આવે છે, છતાં સનાતન ધર્મમાં ભીષ્મના સ્વર્ગારોપણવાળી મકર સંક્રાંતિનું વિસ્મરણ નથી થયું. સૂર્ય જયારે ઉત્તર દિશા તરફ ગતિ કરે ત્યારે સ્વાભાવિક રીતે જ ચેતનાનું ઊર્ધ્વારોહણ શરૂ થાય છે. સૂર્ય સ્થિર છે અને ગ્રહમંડળ એની આસપાસ રાસ રમે છે, ફુદરડી ફરે છે. પરંતુ દૃષ્ટિભ્રમ તો જુઓ ! આપણને આપણી પૃથ્વી સ્થિર લાગે છે,અન્ય કોઈ ગ્રહ પર જીવસૃષ્ટિ હશે તો એને પમ પોતાનો ગ્રહ સ્થિર લાગતો હશે અને સૂર્ય પૂર્વથી પશ્ચિમ તરફ પ્રવાસ કરતો હોય એવો ભ્રમ સરજાતો હશે. પૃથ્વીની ધરીને અનુરુપ સૂર્ય શિયાળા દરમિયાન કયારેક છેક અગ્નિ ખૂણામાં ઊગતો લાગે છે, ને પછી ઉનાળામાં એ ઈશાન ખૂણા સુધી પહોંચી જાય છે. સૂર્ય સાત્ત્વિકતાનું પ્રતીક છે. સૂર્ય જીવનદાતા છે. જન્મ કુંડળીમાં રૂંવે રૂંવે વીંધાયા હોવા છતાં, ઈચ્છામૃત્યુનું વરદાન પામેલા હોઈ અંતિમ શ્વાસ માટે મકર સંક્રાતિની રાહ જોવા માગતા હતા. અર્જુને એમને કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં શરશૈયા બનાવી આપી હતી. ગજબ છે આપણો ઈતિહાસ અને અજબ છે આપણી સંસ્કૃતિ. મકર રાશિમાં પ્રવેશતો સૂર્ય એ ઊર્ધ્વગતિનો સંકેત છે. ચરાચર વિશ્વમાં પ્રવેશતો સૂર્ય એ ઊર્ધ્વગતિનો સંકેત છે. ચરાચર વિશ્વમાં પણ ધીમે ધીમે ઊર્જાનો સંચાર થાય છે, ઉષ્માપ્રેરિત વસંતનો પગરવ સંભળાય છે અને ખરું પૂછો તો એટલા જ કારણસર આપણા પૂર્વજોએ નૂતન વર્ષારંભ પણ સૂર્યની ઊર્ધ્વગતિ પછી આવતી ચૈત્રી પ્રતિપદાથી સ્વીકારેલો છે. ગુજરાત એકલું જ દીપોત્સવી પછી નવું વરસ શરૂ કરી દે છે. વિક્રમ સંવતની મૂળ અવધારણામાં નૂતન વર્ષ ઉત્તરાયણ પછી જ ઊજવાય છે. ગુજરાતમાં તો ઉત્તરાયણ માત્ર પતંગોત્સવ બનીને રહી ગયું છે. પ્રજા ઉત્સવપ્રિય હોય છે અને મકરસંક્રાતિ તો સૂર્યોત્સવ છે. સૂર્યને સલામ ભરવા માટે જ કોઈએ પહેલી પતંગ ઉડાડી હશે ! પરંતુ પતંગોત્સવ કાળક્રમે મનોરંજનનો ઉપક્રમ બની રહ્યો છે. ગુજરાતમાં એનો મહિમા નવરાત્રીને આંબવા મથતો રહ્યો છે. વિશ્વના સહેલાણીઓ પતંગ ઉડાડવા ગુજરાત આવે છે. છેલ્લાં વર્ષો દરમિયાન આ ઉત્સવ પ્રવાસન માટેનું નિમિત્ત બની રહેલ છે. સરકાર જાતે પતંગોત્સવનું આયોજન કરી સહેલાણીઓને આકર્ષે છે. તલસાંકળી, બોર અને શેરડીના સાંઠા લઈ વહેલી સવારથી જ ગરવી ગૂર્જર પ્રજા મકાનોનાં ધાબાં પર ગોઠવાઈ જાય છે. પતંગોની સાથે યૌવનનો હેલ્લારો બોલાય છે. પરંતુ સાથે જ અનેક નિર્દોષ પંખીડાં માટે એ કારમી પીડા અને અપમૃત્યુનું નિમિત્ત પણ બની રહે છે. આપણા કરુણાશીલ મુખ્યમંત્રીશ્રી ઉત્તરાયણને 'કરુણા પર્વ' તરીકે ઊજવવાની હાકલ કરે છે. માણસ પોતાના આનંદ ખાતર નિર્દોષ પંખીઓને પીડા પહોંચાડે, એમની પાંખો તોડી આપે - એ તો કેવી ક્રૂર ઘટના કહેવાય ! આત્મોન્નતિના આ ઊર્ધ્વારોહણ પર્વમાં તો અબોલ પશુપંખીઓની ચિંતા કરવાની હોય, ગાયોને લીલું ઘાસ નીરવાનું હોય. કાળક્રમે ઉત્સવ એના મૂળ ઉદ્દેશથી ભટકી કંઈક ઊલટું જ કરી બેસે - એનું આંખવગું ઉદાહરણ મકરસંક્રાતિ છે. પંચાગમાં કેટલાંક વણજોયા મુહૂર્ત હોય છે, એમાં મકરસંક્રાંતિ મોખરે છે. એ સદાકાળ શુભ દિવસ મનાતો રહ્યો છે. આવો, એના શુભત્વને પુરસ્કારીએ. ઊંધિયાની લિજ્જત માણીએ.

# કાયાને ઘડનારાને ઓળખો રે...



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'સાચ્ચે જ જાણે શબદની અલખ આરાધના થતી હોય એવું લાગ્યું...'

'અહીં અલખ કાર્યક્રમમાં જાણે પ્રેમનો મલક સૂર-શબ્દથી અનુભવાયો...'

'કલાકારોની પ્રસ્તુતિમાં પ્રાચીન સંતવાણી માટેનો એમનો પ્રેમ પણ ઝલકતો હતો....'

કાર્યક્રમ પૂરો થયે શ્રોતાઓ પરસ્પરને આવા વાક્યોમાં પોતાની સંવેદના કહેતા હતા અને કાર્યક્રમને બિરદાવતા હતા.

કાર્યક્રમ હતો અમરેલીમાં, આયોજન હતું રાજીવ હરિયાણીના કન્સેપ્ટ સાથે મ્યુઝિકલ સોલ્સ ૧૮નું અને 'અલખ' શિર્ષક હેઠળ રજૂ થયા હતા સૂફી પરંપરાના, પ્રાચીન ભજનવાણીના, લોકગીતોના પારંપારિક અમૂલ્ય ખજાનામાંથી સ્મરણીય ગીતો.

હિરેન દુધરેજીયા, ધર્મિષ્ઠા દુધરેજીયા, વૈભવ ત્રિવેદી, મનીષ દુધરેજીયા, ગોપાલ દુધરેજીયા, જનક ગોંડલિયા, તપોધન શર્મા અને પ્રણવ પંડ્યાની પ્રસ્તુતિથી પરંપરા અને આધુનિકતાનો સમન્વય સર્જાયો હતો. પૂજ્ય બાપુના સાનિધ્યમાં ચિત્રકૂટધામ ખાતે પ્રસ્તુતિના મંગલાચરણ પછી સૌ પ્રથમવાર આ કાર્યક્રમની જાહેર પ્રસ્તુતિ થઈ હતી.

રાજીવ પોતાની વાત માંડતા કહે છે કે 'મારો ઉછેર મારા સદ્ગુરુના સાનિધ્યમાં થયો એટલે બાળપણથી જ ભજન માટે સંતવાણી સાથે માંહ્યલો જોડાયેલો રહ્યો... શ્રેષ્ઠ ભજનિકોને સાંભળતો ત્યારે થતું કે સંતવાણીના શબ્દોમાં સત પડેલું છે, નવી પેઢી સુધી આ શબ્દો પહોંચે, તેઓ અને એને સમજે, એને પામે તો આનંદ થાય... અને એ માટે મેં Music Souls 18નો પ્રારંભ કર્યો.'

રાજીવ અને હીરેન મૂળ શબ્દોને સાચવીન કંપોઝીશન્સ પોતાની રીતે કરતા ગયા. શેરી વળાવી (નરસિંહ મહેતા), પ્રેમનગર (બ્રહ્માનંદજી) મેં તો શુદ્ધ રે જાણીને (અમર મા) બીનતી સુનીયે (પંડિત નરેન્દ્ર શર્મા) ભોલે તેરી જટા મેં, ગુરુજી આવા ગોતીયે, ગગન ગઢ (સવારામ ભગત) સોનલ માં (કાગ બાપુ) સ્વયંવર સદ્ગુરુના (સવારામ ભગત), રબ માને, વિશ્વભંરી સ્તુતિ અને માડી તારું કંકુ (અવિનાશ વ્યાસ) જેવા ગીતોના અનાપ્લગડ વર્ઝન તૈયાર કર્યા. ખુબ સારો પ્રતિસાદ મળ્યો. ફોક મીટ્સ અર્બનના હેતુ સાથે મ્યુઝિક કોન્સર્ટસ કરી જેમાં ઓસમાણ મીર, કીર્તિદાન ગઢવી, જીગરદાન ગઢવી, જહાન્વી, શ્રીમાંકર, હિમાલી વ્યાસ, નાયક, ફકીરા ખેતાખાન, પારસધાર, ગાર્ગી વોરા, ધરા શાહ, દિપક હરિયાણી, તેજદાન ગઢવી, નારણ ઠાકર, વિજય ચુડાસમા, વસંત દુધરેજીયા જેવા કલાકારોએ મનભાવન પ્રસ્તુતિ કરી.

આવા-ારા સમયમાં આ કલાકારો પરંપરાગત પ્રાચીન સંતવાણી - સૂફી સંગીત, લોકગીતોની ધરોહરને નવી પેઢી સુધી પહોંચાડવા માટેના અનેક કાર્યક્રમોનું આયોજન ઉલ્લાસ સાઓથે કરી રહ્યા છે.

ભજનવાણીના મુખ્ય ઘાટ એવા મહામાર્ગ, નાથયોગ, સગુણ-નિર્ગુણ સંતપરંપરાના તથા અન્ય પારંપરિક ભજનો, લોકગીતો, ઋતુ ગીતો, સૂફી સંગીત, વગેરેનો અભ્યાસ કરીને, આ ક્ષેત્રમાં જેઓએ ઉત્તમ પ્રદાન કર્યું છે તેમની વૈશ્વિક ચેનતાને ઝીલીને ગાવા-સાંભળવાની મૌજ આવે એવું કામ એમને કામ કરવું છે.

વાગે ભડાકા મારી ભજનના, ગુરુ તારો પાર ન પાયો, કાયાના ઘડનારા ને તમે ઓળખો રે, ... શબ્દ - સ્વર અને વાજીંત્રોનો ધ્વનિ વાતાવરણમાં પ્રસરતો જાય અને ભજન વાણીના દીવડાનો પ્રકાશ રેલાયો જાય. વેદકોળના ઋષિથી લઈને આજના ભક્ત સુધીના લોકો ઉલટથી-આનંદથી સહજભાવે ભજન ગાય છે ત્યારે જાણે અલખનો પોકાર સંભળાય છે. સદીઓ બદલાય છે પણ સનાતની મનુષ્યની ભજનની ધૂપ કયારેય ભાંગતી નથી. અલખથી આરાધનાથી, આત્મશુદ્ધિથી, અનહદ આનંદથી વણકથ અનુભૂતિ થાય છે.

પેઢીઓમાં સચવાયેલા ગૌરવ, સનાતન ધર્મ અને સંતવાણીના મૂળ સાથેનો સંબંધ, પરંપરા જાળવીને તેમાં પરિવર્તન ઝીલી કાંઈક નવીન પ્રસ્તુતિની વિભાવના સાથે જયારે યુવાનો માત્ર ને માત્ર મૌજ માટે, આનંદ માટે, જાતની જાગૃતિ માટે આવા આયોજનો કરે, દાતાઓનો અને સંગીત પ્રેમીઓનો સહકાર મળે ત્યારે સાચ્ચે જ લાગે કે, 'ત્રાતારમ ઈન્દ્રમ્'નો નાદ આજે પણ ગુંજે છે, મરજીવા સંતોની વાણીના શબદના - સૂરના અજવાળા આપણી આસપાસ પથરાય છે.

# હે નરેન્દ્ર! આપના જન્મદિને ફરી એકવાર આપના જન્મની આકાંક્ષા સેવતો એક ભારતીય



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

નરમાં ઈન્દ્ર એટલે નરેન્દ્ર. મનુષ્યોમાં સર્વોત્તમ એટલે નરેન્દ્ર. કોઈ અગમસૂઝથી જ નરેન્દ્રનાં માતા-પિતાએ આ નામ રાખ્યું હશે. ભવિષ્યમાં આ માનવ, માનવ મટી મહામાનવ બનશે એવી શ્રદ્ધાને સાચી ઠેરવનાર મહામાનવ એટલે સ્વામી વિવેકાનંદ.

સ્વામી વિવેકાનન્દ વિશે લખવું નથી. લખી શકાય જ નહીં. તેઓ કોઈ વિષય બનવા જેટલા સૂક્ષ્મ નથી.તેમનું વિરાટ વ્યક્તિત્વ, તેમની મેઘાવી પ્રતિભાને તો બસ અનુભવવાની હોય, વળી સ્વામીજી આવા લેખના મોહતાજ નથી, હું અને તમે મોહતાજ છીએ...આ બહાને તેમનુ સ્મરણ કરવાને.

આજે તેમના જન્મદિને આપણે ચિંતન કરવાની આવશ્યકતા છે, તેમના એક-એક શબ્દ કે જે અજરામર છે. તેના વિશે વિચારવાનું છે, શું આપણે તેને અનુસરી શક્યા છીએ?

સમગ્ર દુનિયા માટે જેઓ 'YOUTH ICON' છે. તે મહામનીષિને આપણે કેટલા પચાવ્યા? ૧૨મી જાન્યુઆરીએ 'યુવા દિન' ઊજવીને રંગારંગ કાર્યક્રમ સમાપ્ત થઈ જાય તેમ વળી પાછું એક વર્ષ માટે સૂઈ જવાનું ! શાળા-મહાશાળાઓમાં આ પ્રસંગે વ્યાખ્યાન યોજાય, નિબંધ સ્પર્ધાઓ થાય... પણ છેવટે બધું ભૂલી જઈશું...

તેમના શિકાગોના દરેક ભાષણના આર્ષશબ્દો આપણા કર્ણપટલ પર પડતા રહે તો જ આપણે સ્વામીજીને તથા તેમના વિચારોને સમજવાને સમજવા શક્તિમાન બની શકીશું.

**'ઊભા થાઓ, હિંમત ધરો, મજબૂત બનો. તમારા પર પૂરેપૂરી જવાબદારી લો અને તમારા ભાગ્યના ્રષ્ટા તમે જ છો એમ જાણો. તમને જરુર હોય એવી બધી શક્તિ બધી સહાય તમારી અંદર જ છે, તેથી તમારું ભવિષ્ય તમે જ સર્જો.'**

કેટલું આત્મવિશ્વાસથી છલકતું અને આપણને સ્વત્વની ઓળખ આપતું આ શબ્દઝરણું છે! જો કોઈ શ્રદ્ધાથી સાંભળે તો સૂતેલો બેઠો થઈ જાય, બેઠેલા ઊભા થઈ જાય અને ઊભેલા દોડતા થઈ જાય. રોજ સવારે ન્હાવાનો,પૂજા આદિનો નિત્યક્રમ જેમ આપણે બનાવ્યો છે તેમ રોજ સવારે ધાર્મિક પુસ્તકના વાંચનની જેમ સ્વામીજીના કોઈ પણ પુસ્તકને ગમે ત્યાથી ખોલીને, ગમે તે પાનું વાંચવાનો જો નિત્યક્રમ બનાવો તો, તેના દ્વારા તમે એક નવી જ ઊર્જાનો અનુભવ કરશો.

સ્વામીજીને વાંચતા હોઈએ ત્યારે જાણે તેઓ સ્વયં કન્યાકુમારીના અફાટ સમુદ્રતટે બિરાજમાન વક્તા હોય અને આપણે શ્રોતા હોઈએ તેવો ભાવ જન્મે છે.

**"જૂના ધર્મો કહેતા કે જે ઈશ્વરમાં માને નહીં,તે નાસ્તિક છે, નવો ધર્મ કહે છે કે જેને પોતાનામાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે."** કેટલું વ્યવહારું આધ્યાત્મિક જ્ઞાન !

સ્વામીજીના એક-એક શબ્દ તે સમયે સુવર્ણમય હતા,અત્યારે અનુકરણીય છે અને ભવિષ્યમાં પણ આટલાં જ પ્રસ્તુત રહેવાના છે. બાળક માટે,યુવાન માટે, સ્ત્રીઓમાટે,પુરુષો માટે, વૃદ્ધ માટે આ આર્ષવાણી દરેક માટે છે. દરેક જો સમજે તો આ અખૂટ ભંડાર જીવનનાં મર્મને સમજવાની કળા છે.

**"ઓ ભારતવાસી! તારે માથે ભારે જોખમ છે. પશ્ચિમના આંધળા અનુકરણની માહિતી તને એવી ચોંટી પડી છે કે બુદ્ધિ, ન્યાય, સારાસારના વિચાર કે શાસ્ત્રોના પ્રમાણ દ્વારા ખરા-ખોટાનો નિર્ણય તું કરતો નથી. કાયમ યાદ રાખો કે આ દેશના જેવા ઉચ્ચ વિચારો અને ઉદ્દેશો ધરાવતી સંસ્થાઓ દુનિયાના બીજા એકેય દેશમાં નથી.મારા એકલાના ઉપર જ બધો ભાર છે, એમ સમજીને તમે આ દેશના તથા આખી દુનિયાના ઉદ્ધારનો ભાર લો."** દીર્ઘદ્રષ્ટા સ્વામીજીના શબ્દો અત્યારે પણ આટલા જ પ્રસ્તુત છે ને! આપણે તેમના વિચારો વાંચીએ છીએ,વખાણીએ છીએ,પરંતુ અનુસરતા નથી.

આજે જ્યારે અધ્યાત્મિકતાની, ધર્મની સાચી ઓળખ આપણે વિસ્મરી ચૂક્યા છીએ ત્યારે, આપણા દેશમાં સ્વત્વ,સ્વદેશાભિમાન,અને રાષ્ટ્રધર્મને આત્મસાત કરીને જીવનારાને સંકુચિત કહેનારા અને તુષ્ટીકરણની બાંગો પોકારીને છડેચોક સ્વધર્મદ્રોહ કરવાનો અભરખો કહેવાતા હિન્દુઓને આ દેશનાં છતી આંખે ધૃતરાષ્ટ્ર બનનારા મતિભ્રષ્ટ આપણા બંધુઓને દિશાદર્શન દેવા માટે અને કપટપૂર્વક ઊભી કરેલી છદ્મવેશી અરાજકતાનો દોર ફૂટી નીકળ્યો છે ત્યારે હે નરેન્દ્ર! (આ સંબોધન કરું છું, કારણકે અમે હજી સુધી સ્વામી વિવેકાનંદને સમજી શકવા સમર્થ બન્યા નથી) હે મહામાનવ! આ પૃથ્વી પર આપના જેવા નર ઈન્દ્રની તાતી આવશ્યક્તા છે, આજે જ્યારે અમે સ્વત્વ ખોઈ ચૂકવાની અણી પર છીએ ત્યારે અમને નવેસરથી દિશાદર્શન આપવા માટે પધારો,જેથી અમે ચેતનવંતા બનીએ.

'YOUTH ICON' તરીકે અમે ફિલ્મી અભિનેતા અને અભિનેત્રીઓને તથા કરોડો કમાતા ખેલાડીઓને માથે બેસાડીને બુદ્ધિનું પ્રદર્શન કરીએ છીએ, કારણકે આ જ અભિનેતા અભિનેત્રી સમગ્ર સમાજને સાચો માર્ગ ચિંધવાના બદલે શબ્દોના બફાટ અને વર્તણૂકના ભદ્દા પ્રદર્શનથી અવળા રસ્તે લઈ જાય છે, તો આપના જેવી શાશ્વત ચિરંતન વિભૂતિને વિસ્મરીને આવા કથીર જેવા વ્યક્તિત્વોમાં આદર્શ શોધનારા અમ જેવા અબુધોને માર્ગદર્શન આપવા પણ આપે અવતરવું જ પડશે.

**'હે મહામાનવ નરેન્દ્ર! આપના જન્મદિને ફરી એકવાર આપના જન્મની આકાંક્ષા સેવતા એક ભારતીયના કોટિ કોટિ વંદન સ્વીકારશો.'**

- jayuoza@gmail.com
Mo.9898046488

# શિકાગોની ધર્મ પરિષદમાં 'અમેરિકાના બહેનો અને ભાઈઓ' સંબોધન બાદ સ્વામી વિવેકાનંદે શું કહ્યું ?



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

આજે ઉતરાયણનુ પર્વ. ગાંધીનગર સહિત આખુ ગુજરાત આ તહેવાર રંગેચંગે મનાવી રહ્યું છે. પરંતુ આજથી બે દિવસ પહેલા ૧૨ જાન્યુઆરીનો એક અવિસ્મરણીય દિવસ હતો. આ દિવસ એટલે ન ભુલી શકાય કે, ભારતની આધ્યાત્મિક ચેતના અને જ્વલંત ષ્ટ્રપ્રેમનો પંથ કંડારનારા યુગપુરુષ સ્વામી વિવેકાનંદજીનો એ પ્રાગટ્ય દિન છે. સંવત ૧૯૧૯ના પોષ વદ સાતમ એટલે જાન્યુઆરી તા. ૧૨, ૧૮૬૩ સોમવારના રોજ સૂર્યોદયની છ મિનિટની વાર હતી ત્યારે નરેન્દ્ર નામનો આધ્યાત્મિક ચેતનાનો સૂર્યોદય થયો. ચાળીસ વર્ષથી પણ ઓછા જીવનકાળ દરમિયાન દેશદાઝની પ્રચંડ શક્તિનો નાદ જગાવવાનું અને ભારત સહિત પશ્ચિમી દેશોમાં હિન્દુસ્તાનની આધ્યાત્મિક




ચેતનાનો શંખ ફૂંકવાનું ભગીરથ કાર્ય સ્વામીજીએ કરી બતાવ્યું છે. કોલકતાના સિમુલિયા નામના પરામાં રહેતા દત્ત પરિવારમાં નરેન્દ્રનાથનો જન્મ થયો. દત્ત કુટુંબ ગર્ભશ્રીમંત તો હતું જ સાથે સાથે સમાજમાં સારી પ્રતિષ્ઠા પણ ધરાવતું હતું. સિમુલિયાનું આ દત્ત પરિવાર દાનવીરતા, સ્વતંત્ર ક્યાલો અને શિક્ષણમાં અગ્રેસર હતું.

વિશ્વની વિચાર ચેતના જાગૃત કરવા જે આત્મા અવતરતો હોય છે એની પ્રતિભા બાલ્યાવસ્થાથી પરખાઈ જતી હોય છે. પ્લેટો, એરિસ્ટોટલ, સિકંદર કે સીઝરની માફક નરેન્દ્રનાથની ભાવિ મહત્તાની ઝાંખી શૈશવકાળમાં જ સૌને થવા લાગી હતી. બાળ નરેન્દ્રને નાનપણથી જ સન્યાસીઓ પ્રત્યે સદભાવ અને અગમ્ય ખેંચાણ રહ્યું. ઘણી વાર એમના મિત્રોને એ કહેતા કે, ' એક જ્યોતિષીએ મારો હાથ જોઈને કહ્યું છે કે, હું ભવિષ્યમાં સન્યાસી બનવાનો છું.' આમ કહી એ પોતાની હસ્તરેખાઓ ઉત્સાહપૂર્વક મિત્રોને બતાવતાં. મનુષ્ય જાતિએ આધ્યાત્મિક અને તત્વજ્ઞાનની દિશામાં સાધેલી પ્રગતિનો સર્વગ્રાહી ચિતાર આપતી ચર્ચા સભાઓ અને પરિસંવાદોના આયોજનની વિચારધારા ૧૮૮૯ની ગ્રિષ્મ ઋતુમાં ચાર્લ કેરોલ બોનીના મગજમાં ઉદભવી. આ વિચારને અમેરિકનોએ આનંદથી આવકાર્યો. ચાર્લ્સના અધ્યક્ષપદે એક કમિટીની રચના થઈ. વર્ષ ૧૯૯૦માં તડામાર તૈયારીઓ આરંભાઈ. આખી દુનિયા દરેક ધર્મના પ્રતિનિધિઓને પરિસંવાદમાં ભાગ લેવા આમંત્રણો મોકલાયા. તારીખ ૧૮ ઓકટોબર, ૧૯૯૩ સુધીમાં જુદા જુદા વિષયો ઉપર વિશદ ચર્ચા-વિચારણા કરતી વીસ જેટલી પરિષદો યોજવામાં આવી.

અંતે શિકાગોની આર્ટ ઈન્સ્ટિટ્યૂટના વિશાળ મકાનમાં 'હોલ ઓફ કોલમ્બસ' નામના ભવ્ય ખંડમાં તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ સવારે ૧૦ વાગે વિશ્વ ધર્મ પરિષદનું વિધિવત ઉદ્ઘાટન થયું. પ્રબુદ્ધ અને પ્રતિષ્ઠિત એવા ચાર હજાર પ્રેક્ષકો 'હોલ ઓફ કોલમ્બસ'માં ટાંકણી પડે તો પણ અવાજ સંભળાય એવી શાંતિથી બેઠાં હતાં. ૧૦૦ ફૂટ લાંબા અને ૧૫ ફૂટ પહોળા મંચ ઉપર ચાર્લસ બોની અને કાર્ડિનલ ગીબન્સના નેતૃત્વમાં બબ્બેની હારમાં વિશ્વભરમાંથી પોત પોતાના દેશના પોષાકમાં સજજ થઈને આવેલા અનેક ધર્મો અને પંથોના પ્રતિનિધિઓ મંચ ઉપર દાખલ થયા. મંચ ઉપર મૂકવામાં આવેલી ખુરશીઓમાં પ્રતિનિધિઓએ તેમનું આસન ગ્રહણ કર્યું. આ દ્રશ્ય ખૂબ અદભુત અને રમણીય હતું. આ ભવ્ય સભામાં સ્વામી વિવેકાનંદજીએ વક્તવ્ય આપવાનું હતું. બપોર સુધીની પ્રથમ બેઠકમાં આઠ પ્રતિનિધિઓએ ટૂંકા પ્રવચનો કર્યા. સવારની બેઠક પૂરી થઈ ત્યારબાદ બપોરની બેઠકમાં ચાર પ્રતિનિધિઓએ તેમના વિચારો વ્યક્ત કર્યા. બધા જ પ્રતિનિધિઓ તૈયાર કરેલા ભાષણો જ વાંચી ગયા હતાં.

સ્વામી વિવેકાનંદે કાગળમાં કોઈ વિચારો લખ્યા ન હતાં. હૃદયના ઊંડાણમાંથી સ્વામીજી એમના ગહેરા અને પહાડી અવાજમાં જ્યારે બોલવાનું શરૂ કર્યું ત્યારે સભામાં સન્નાટો વ્યાપી ગયો. ડો. બેરોઝે સ્વામીજીનો પરિચય આપી વક્તવ્ય માટે નિમંત્રીત કર્યા. સ્વામીજીએ દેવીની સ્તુતિ કરીને એમના વક્તવ્યની શરૂઆતમાં સૌથી પહેલાં 'અમેરિકાના બહેનો અને ભાઈઓ...' સંબોધન કરીને તેમણે બોલવાનું શરૂ કર્યું ત્યારે આખી સભાએ તાળીઓના ગડગડાટથી તેમના આ શબ્દોને વધાવી લીધાં. સામાન્ય રીતે અમેરિકન 'સજજનો અને સન્નારીઓ'ના સંબોધનથી ટેવાયેલા હોય ત્યારે સ્વામીજીના આ શબ્દોથી બધાં પ્રભાવિત થઈ ગયા. શિકાગોની ધર્મ પરિષદમાં લગભગ સવાસો વર્ષ પહેલાં સ્વામીજીએ આપેલા પ્રવચનની અક્ષરશઃ વિગતો જાણવી રસપ્રદ એટલા માટે થઈ પડે છે કે, પશ્ચિમના દેશમાં વિશ્વભરના પ્રબુધ્ધો અને ધર્માચાર્યોની ઉપસ્થિતિમાં ભારતીય હિન્દુ સનાતન ધર્મની વિચારધારાનો સૌપ્રથમ ઝંડો સ્વામી વિવેકાનંદે શિકાગોની ભૂમિમાં ગાડ્યો હતો. શિકાગોની ધર્મપરોષદમાં સ્વામીજીના પ્રથમ વક્તવ્યના ભાવાનુંવાદને માણવા જેવું છે.

'અમેરિકાનાં બહેનો અને ભાઈઓ !'

'તમે અમારું જે ઉમળકાભર્યું અને હાર્દિક સ્વાગત કર્યું છે તેનો પ્રત્યુતર આપવા માટે ઊભા થતાં મારુ હૃદય એક અવર્ણનીય આનંદથી ભરાઈ જાય છે. જગતના પ્રાચીનમાં પ્રાચીન સન્યાસી સંઘને નામે હું તમારો આભાર માનું છું. સર્વધર્મોની જનનીના નામે હું તમારો આભાર માનું છું. તમામ વર્ગો અને સંપ્રદાયોના લાખો હિન્દુઓ વતી હું તમારો આભાર માનું છું.

'આ વ્યાસપીઠ ઉપર બેઠેલા કેટલાક વક્તાઓનો પણ હું આભાર માનું છું, કેમ કે પૂર્વમાંથી આવેલા પ્રતિનિધિઓના ઉલ્લેખ કરતાં તેઓએ તમને કહ્યું કે દૂર દૂરના દેશોમાંથી આવેલા આ લોકો જુદા જુદા દેશોમાં સહિષ્ણુતાની ભાવના પહોંચાડવાનું માન મેળવવાનો દાવો સબળ રીતે આગળ ધરી શકે એમ છે. જે ધર્મો જગતને સહિષ્ણુતા અને વિશ્વબંધુત્વના પાઠ શીખવ્યા તેનો પ્રતિનિધિ હોવાનું ગૌરવ હું અનુભવી રહ્યો છું. સર્વ ધર્મો પ્રત્યે સહિષ્ણુતા દાખવવામાં અમે માનીએ છીએ. એટલું જ નહીં, પરંતુ સર્વ ધર્મો સત્ય છે એનો પણ અમે સ્વીકાર કરીએ છીએ. મને ગર્વ થાય છે કે, હું એક એવા રાષ્ટ્રનો પ્રતિનિધિ છું કે, જેણે જુલમનો ભોગ બનેલા તથા નિરાશ્રિત થયેલા પૃથ્વીના તમામ ધર્મો અને દેશોના લોકોને આશ્રય આપ્યો છે. મને એ વાત કહેતાં અભિમાન થાય છે કે, યહૂદી લોકોના એક પરમશુદ્ધ વર્ગને અમે અમારી વચ્ચે જાળવી રાખ્યો છે. જે વર્ષે અત્યાચારી રોમન લોકોએ એમના પવિત્ર મંદિરના ટુકડે ટુકડા કરી નાખ્યા, તે જ વર્ષમાં એ વર્ગ દક્ષિણ ભારતમાં આવ્યો અને અમારી વચ્ચે વસ્યો. મને ગર્વ થાય છે કે મારો એક એવા ધર્મમાં જન્મ થયો છે કે જેણે મહાન જરથોસ્તી પ્રજાના અવશેષને આશ્રય આપ્યો છે અને હજી તેઓ સ્વમાન સાથે ત્યાં વસી રહ્યા છે. બંધુઓ ! તમારી સમક્ષ હું એક સ્તોત્રમાંથી થોડી પંક્તિઓનું ઉચ્ચારણ કરું છું કે જે સ્તોત્રનું હું છેક બાળપણથી પારાયણ કરતો આવ્યો છું અને ભારતના લાખો મનુષ્યો દરરોજ એનું પારાયણ કરી રહ્યા છે - 'જે પ્રમાણે ભિન્ન ભિન્ન મૂળમાંથી ઉદભવ પામેલી જુદી જુદી સરિતાઓના પ્રવાહો અંતે એક સાગરમાં એકત્રિત થાય છે, તેવી રીતે હે પ્રભો ! મનુષ્યો પોતપોતાની રુચિ અનુસાર ગ્રહણ કરે તે બધા માર્ગો ભલે જુદા જુદા દેખાય, સીધા લાગે, વાંકાચૂંકા ભાસે, છતાં એ બધા તારી પાસે જ પહોંચે છે.'

'અગાઉ કદાપિ ન ભરાયેલી ભવ્યતમ સભાની આ બેઠક, ગીતાએ પ્રબોધેલા પેલા અદભુત સિદ્ધાંતનું જગત સમક્ષ સ્વતઃ એક સમર્થન — એક ઉચ્ચારણ - બની રહેલ છે કે 'મારી પાસે ગમે તે વ્યક્તિ ગમે તે પ્રકારે આવે તો પણ હું તેને મળું છું. સૌ મનુષ્યો જે જે માર્ગો દ્વારા મારી પાસે આવવાનો પ્રયત્ન કરે છે તે તે માર્ગો અંતે મને મળે છે.' પંથવાદ, ધર્માન્ધતા અને તેના સંતાન સમું ધર્મઝનૂન - એ સૌએ ક્યારનોયે આ સુંદર પૃથ્વી ઉપર પોતાનો પગદંડો જમાવ્યો છે. તેમણે પૃથ્વીને હિંસાથી ભરપૂર કરી દીધી છે, અનેક વખત એને માનવરક્તમાં તરબોળ કરી મૂકી છે, સંસ્કૃતિને પાયમાલ કરીછે અને સમસ્ત પ્રજાઓને હતાશામાં હોમી દીધી છે. જો આવા ભયંકર દૈત્યોનું અસ્તિત્વ ન હોત તો માનવ સમાજે આજના કરતાં અનેક ગણી વિશેષ પ્રગતિ સાધી હોત. પણ તેમનો સમય હવે ભરાઈ ચૂક્યો છે. અને હું ખરા અંતઃકરણપૂર્વક આશા રાખું છું કે આ સભાના માનમાં આજે સવારે જે ઘંટ વાગ્યો તે ઘંટ દરેક પ્રકારના ધર્મઝનૂનનો, કલમ અને તલવારથી ચાલતા તમામ આત્યાચારોનો અને સમાન ધ્યેયને પહોંચવા મથતા મનુષ્યો વચ્ચે પ્રવર્તતી તમામ અનુદાર ભાવનાઓનો પણ મૃત્યુઘંટ નીવડી રહો.'

સામાન્ય રીતે સ્વામીજીના શિકાગોમાં અપાયેલ આ અવિસ્મરણીય વ્યાખ્યાનના પ્રથમ ચાર શબ્દો 'અમેરિકાના ભાઈઓ અને બહેનો...' અને ત્યારબાદ હોલમાં ગૂંજેલી તાળીઓ સિવાય એમણે હૃદયની સ્પર્શતી સચ્ચાઈ અને દ્રષ્ટિબિંદુની વિશાળતા જે શબ્દોમાં અભિવ્યક્ત કરી તેનો મોટાભાગના લોકોને ખ્યાલ નથી. સ્વામીજીના આ પ્રથમ પ્રવચન પછી શિકાગોમાં એ 'હોલ

અનુસંધાન પાના નં ૭ પર